નવેમ્બર ૨૦૧૨

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## બીજાની ભૂલ કાઢવાની કુટેવ





# દાદાજી કહે છે

દાદાશ્રી : કોઈ દહાડો કોઈ તારી ભૂલ એ કાઢે કે ના કાઢે ?

પ્રશ્નકર્તા : કાઢે.

દાદાશ્રી : તે ઘડીએ તું એમની ભૂલ કાઢું કે ના કાઢું ?

પ્રશ્નકર્તા : હા, કાઢું.

દાદાશ્રી : હા, એ જ હું કહું છું. ભૂલ ના કઢાય. ભૂલ કાઢવાથી શું ફાયદો ?

પ્રશ્નકર્તા : એવું કંઈ સમજાવોને, કેમ ભૂલ ના કઢાય ?

દાદાશ્રી : ના, ભૂલ ના કઢાય. ભૂલ કઢાતી હશે ? કોઈ મિત્ર હોય તેની ભૂલ કાઢીએ તો મિત્રપણું છૂટી જાય. ભૂલ વગર તો કોઈ ના હોય. કો'કની ભૂલ કાઢવી એ મૂરખનું કામ છે.

પ્રશ્નકર્તા : એક વાર ભૂલ કરે તો માફ કરી દઉં, પણ બીજી વાર જ્યારે એની એ જ ભૂલ કરે તો પછી નથી ચલાવી લેવાતું, એમાં ગુસ્સો થઈ જાય આપણાથી.

દાદાશ્રી : પણ ભૂલ એ કરે અને તમે શું કરવા નબળા થાવ છો ?

# અનુક્રમણિકા


દાદાજી કહે છે... ૧
આ તો નવી જ વાત ૨
ભૂલ કાઢવા કરતાં ૪
અમારું એક વાંકું આપણા અઢાર વાંકા ૭
ચાલો રમીએ... ૧૦
ઐતિહાસિક ગૌરવગાથાઓ ૧૨
તમારી જાતને ચકાસી જુઓ ! ૧૪
મીઠી યાદ ૧૫
બાળકો સાથે પૂજ્યશ્રી ૧૬

પ્રશ્નકર્તા : હા, પણ એની ભૂલને લીધે આપણે બધાએ સહન કરવું પડે.



દાદાશ્રી : ના, પણ નબળા શું કરવા થાવ છો તમે ? આપણે ગુસ્સે નહીં થવું. એટલે એને મનમાં ભય લાગે કે આ જુઓને, બોલતા નથી. કેવા સારા માણસ છે !

પ્રશ્નકર્તા : પણ ભૂલ કાઢું એમાં એને દુઃખ કેમ થાય ?

દાદાશ્રી : દુઃખ તો થાય જ હંમેશાં. ભૂલ કાઢવી એટલે દુઃખ થાય જ. એ કાઢવી જ નહીં. એ એનું અપમાન કર્યા બરાબર છે. એ તો એની પર તમને વેર છે એક જાતનું.

પ્રશ્નકર્તા : એની ભૂલ કાઢે પણ એને એનું ખોટું ન લાગે તો કાઢવી કે નહીં ?

દાદાશ્રી : ખોટું લાગેને બધું. પછી એ પણ મનમાં રાહ જુએ કે ફરી હું એમની ક્યારે ભૂલ કાઢું ! કોઈનીયે ભૂલ દેખાય તો એ જ આપણી ભૂલ છે. એની ભૂલ એણે જોવાની છે. આપણને કોઈની ભૂલ કાઢવાનો શો અધિકાર ? આ તો વગર કામના ન્યાયાધીશ થાય છે ! આવું ના હોવું જોઈએ. આપણી લાઈફ સુંદર હોવી જોઈએ.

# બીજાની ભૂલ કાઢવાની કુટેવ

અ ક્ર મ એ ક્સ પ્રે સ

## સંપાદકીય

બાળમિત્રો,

બીજાની ભૂલ કાઢવી એ એક મોટામાં મોટી કુટેવ ગણાય છે. પણ આપણા માટે એ એટલું સહજ થઈ ગયું છે કે આપણને ખબર હોવા છતાં આપણે એ ભૂલ કરી બેસતા હોઈએ છીએ. ખાસ કરીને જ્યારે આપણા ધાર્યા પ્રમાણે ન થતું હોય ત્યારે. આપણી કોઈ ભૂલ કાઢે એ આપણે જરાય સહન નથી કરી શકતા છતાં બીજાની ભૂલ કાઢવામાં આપણને જરાય ખચકાટ પણ થતો નથી. એ કેટલી અજાયબી છે !

હવે ભૂલ કાઢવાથી સામા પર એની શું અસર થાય છે અને એના પરિણામ કેવા આવે છે એની સુંદર સમજણ પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં આપી છે.

તો આવો, આપણે આ સમજણ થકી આ કુટેવમાંથી બચીએ.

- ડિમ્પલ મહેતા


**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૫, અંક : ૩
સળંગ અંક : ૫૧

**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
**અમદાવાદ:** (૦૭૯)૨૭૫૪૦૪૦૮

**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.:** ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.:** ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org

**Printed, Published and Owned by : Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**લવાજમ (ગુજરાતી)**
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**પાંચ વર્ષ**
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# આ તો નવી જ વાત


આપણે ભૂલ કાઢીએ ને
સામો ઉપકાર માનતો હોય
તો જ ભૂલ કઢાય, કે સારું
થયું મને દેખાડ્યું.
મને તો ખબર જ નહીં,
તમારો ઉપકાર.
આ તો નવી જ વાત
આ તો નવી જ વાત
જે ભૂલની સામાને ખબર પડતી
હોય એવી ભૂલો ક્યારેય ન કઢાય.
દા.ત. મહેનત ન કરવાથી હું પરીક્ષામાં
નપાસ થયો છું એનો જેને અફસોસ છે,
ત્યારે એને નપાસ થયો એનું
વઢવાનું ન હોય.
આ તો નવી જ વાત
FAIL




ભૂલ સ્વીકારવાથી મોટા મનના બનાય. દા.ત. પાડોશી કહે કે તું બહુ તોફાની છે, તોફાન જરા ઓછા કર ત્યારે સામું બોલવાની બદલે એને માનીએ તો મોટા મનના થવાય.
નવી જ વાત
આ તો નવી જ વાત
આ તો નવી જ વાત
જ્યાં પ્રેમ હોય ત્યાં ભૂલ કાઢવાની હોય નહીં. દા.ત. તમારી મનગમતી ગેમ તમારા મિત્રથી ખોવાઈ ગઈ તોય તમે એને જરાય ન વઢો.



# ભૂલ કાઢવા કરતાં....

સાત વાગવામાં પાંચ મિનિટની વાર હતી. બરાબર સાત વાગે સ્પેસશીપ લોન્ચ કરવાની હતી. કાઉન્ટ ડાઉન શરૂ થયું. અચાનક કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર એક એરર (ભૂલ) ડિસ્પ્લે થઈ. કોમ્પ્યુટરની ગણતરી મુજબ સ્પેસશીપના એક કંટ્રોલ મશીનમાં કંઈક ખામી હતી માટે કોમ્પ્યુટર સ્પેસશીપ લોન્ચ રોકવા માટે સૂચન કરી રહ્યું હતું.

અનુરાગ પાછલા એક વર્ષથી આ સ્પેસશીપ લોન્ચ કરવા માટે કામ કરી રહ્યો હતો. એણે અને એની ટીમે આ મિશનને સફળ બનાવવા દિવસ-રાત એક કર્યા હતા. કોમ્પ્યુટર પર એરર જોઈ એને મુંઝવણ થઈ. એણે ઝડપથી થોડી ગણતરી કરી અને પછી પ્રોફેસર મુખર્જી, જે કંપનીના ડિરેક્ટર હતા, એમને જાણ કરી, ''સર, કંઈ પ્રોબ્લેમ નહીં આવે. આપણે સ્પેસશીપ લોન્ચ થવા દઈએ. મેં અને મારી ટીમે બધી જ ગણતરી કરી જોઈ છે.''



સ્પેસશીપ લોન્ચ થયાની થોડી જ મિનિટમાં કંટ્રોલ મશીન ફેઈલ થયું અને સ્પેસશીપ દરિયામાં પડી ગયું. આખી ટીમને ખૂબ આઘાત લાગ્યો. અનુરાગ તો ખૂબ જ નિરાશ થઈ ગયો.



''મારાથી કેટલી મોટી ભૂલ થઈ ગઈ ! કેવું ખોટું ડિસિઝન લીધું ! પ્રોફેસર મુખર્જીને મારા પરથી વિશ્વાસ ઉઠી જશે.''

ત્યાં તો ફોનની ઘંટડી વાગી. પ્રેસ કોન્ફરન્સ શરૂ થવાને દસ મિનિટની વાર હતી. પ્રોફેસર મુખર્જી અને અનુરાગની ટીમ કોન્ફરન્સ રૂમમાં ભેગા થઈ ગયા હતા. ખૂબ ભારે હૃદયે અનુરાગ ત્યાં પહોંચ્યો. દોષના ટોપલા માથે લેવા એ પોતાની જાતને તૈયાર કરી રહ્યો હતો.

ત્યાં તો પ્રો.મુખર્જીએ પોતાના હાથમાં માઈક લીધું અને પ્રેસને સંબોધીને કહ્યું, '' આ વખતે અમે નિષ્ફળ ગયા છીએ. મારી ટીમે ખૂબ મહેનત કરી હતી પણ આવતા વર્ષે અમે ચોક્કસ સફળતા મેળવીશું. વરસ દરમ્યાન હું મારી ટીમને જરૂરિયાતની બધી જ નવી ટેક્નોલોજી પૂરી પાડીશ.'' આમ પ્રેસના બધા જ પ્રશ્નો પ્રો.મુખર્જીએ હેન્ડલ કર્યા અને કંપનીના ડિરેક્ટર હોવાને કારણે મિશન નિષ્ફળતાની જવાબદારી

પોતાના માથે લઈ લીધી.

પ્રેસ કોન્ફરન્સ પછી પ્રો.મુખર્જીએ અનુરાગ અને ટીમ સાથે એક મીટિંગ ગોઠવી. આવતી સાલ આ મિશનને કેવી રીતે સફળ બનાવવું એની ચર્ચા પ્રોફેસરે એમાં કરી. મીટિંગ લગભગ ત્રણ કલાક ચાલી. આખી મીટિંગ દરમ્યાન એક વાર પણ પ્રોફેસરે મિશન ફેલ્યર માટે કોઈની ભૂલ ના કાઢી. હવે પછી કામ કેવી રીતે સુધરે એની જ ચર્ચા-વિચારણા કરતાં રહ્યા. અનુરાગને પ્રોફેસરની આ વર્તણૂકની ખુબ નવાઈ લાગી.



મીટિંગ પૂરી થયા બાદ અનુરાગે પ્રોફેસરને પૂછયું, ‘‘સર, એક પ્રશ્ન પૂછું ?’’

‘‘ચોક્કસ’’ પ્રોફેસરે કહ્યું.,

‘‘સર, મને ખૂબ નવાઈ લાગે છે કે મેં આટલું ખોટું ડિસિઝન લીધું, છતાં ય તમે મને કંઈ ના કહ્યું. હું આપની જગ્યાએ હોત તો અત્યાર સુધીમાં મેં એક બે જણને વઢી નાખ્યું હોત અને મિશન ફેલ્યરની જવાબદારી કોઈકના માથે ઠોકી દીધી હોત.’’ અનુરાગે કહ્યું.



મોઢા પર નિર્મળ સ્મિત સાથે પ્રોફેસર બોલ્યા, ‘‘ આ પણ એક ખૂબ મજાની વાત છે. હું લગભગ પાંચેક વર્ષનો હોઈશ, એક દિવસ ઘરે હું અને મારા મોટા બહેન એકલા હતા. મને દૂધ પીવાનું મન થયું. એટલે ફ્રીઝ ખોલી, હું દૂધની બોટલ કાઢવા ગયો. ત્યાં તો બોટલ મારા હાથમાંથી છટકીને નીચે પડી. રસોડામાં દૂધનો દરિયો થઈ ગયો.



જ્યારે દીદી રસોડામાં આવ્યા ત્યારે મારા પર સહેજ પણ ગુસ્સે થયા વગર એકદમ પ્રેમથી હસતા હસતા કહ્યું, ‘‘ અરે છોટુ ! આવો દૂધનો દરિયો તો મેં પહેલી વાર જોયો ! દૂધ તો ઢોળાઈ જ ગયું છે, તો હવે તારે થોડી વાર દૂધમાં છબછબીયા કરીને રમવું છે ?’’ થોડી વાર હું રમ્યો. પછી બહેને કહ્યું, ‘‘ છોટુ, તને તો ખબર છે ને કે આપણાથી આવો ગંદવાડો થાય તો છેવટે આપણે જ સાફ કરવું જોઈએ. તો હવે તું કહે કે શેનાથી સાફ કરીશું ? સ્પોંજથી કે પોતાથી ?’’ મેં સ્પોંજ હાથમાં લીધું અને બધું સાફ કર્યું.

પછી બહેને ખૂબ પ્રેમથી મને કહ્યું, ‘‘ તને ખબર છે, આ બોટલ તારા હાથમાંથી છટકી ગઈ એ એક નિષ્ફળ પ્રયોગ કહેવાય. દૂધની બોટલ બે નાનકડા હાથ વડે કેવી રીતે ઊંચકવી એનો નિષ્ફળ પ્રયોગ. ચાલ, આપણે બહાર જઈએ. એક બોટલમાં પાણી ભરીને જોઈએ, કે તું કોઈ રીત શોધી શકે છે કે બોટલને કેવી રીતે પકડવી, જેથી એ છટકી ના જાય ?’’

અને એ દિવસે મેં શોધ્યું કે જો હું બોટલને ઉપરથી એના



ઢાંકણ પાસેથી પકડું તો એ મારા હાથમાંથી નહીં છટકે.''

પછી પ્રોફેસર આગળ બોલ્યા, '' મારી ભૂલ માટે બહેને મને ઠપકો ના આપ્યો, પણ પ્રેમથી સાચી રીત શીખવી. એ મને ખૂબ સ્પર્શી ગયું. જો બહેન મને ત્યારે વઢી હોત તો મારી હિંમત તૂટી ગઈ હોત અને હું કાયમ માટે કંઈક નવું કરતા ગભરાત. મને એમના માટે નેગેટિવીટી પણ થઈ ગઈ હોત. પણ એને બદલે આજે હું નિષ્ફળતાથી ગભરાતો નથી અને ફરી ફરી પ્રયત્નો કરતા અચકાતો નથી. આજે હું તમારી સાથે પણ એ જ કરી રહ્યો છું, જે મારી બહેને મારી સાથે કર્યું હતું.'' આ વાત સાંભળી, રૂમમાં બેઠેલા બધા જ પ્રભાવિત થઈ ગયા.

અને સાચે જ બીજા વર્ષે સ્પેસશીપ લોન્ચનું મિશન સફળ રહ્યું. બધા ખૂબ જ ઉત્સાહમાં હતા. પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી. પ્રોફેસરે અનુરાગને સ્ટેજ પર આવી પ્રેસ સાથે વાત કરવા આમંત્રણ આપ્યું. આ સાંભળી અનુરાગને પ્રોફેસર પ્રત્યે ખૂબ આદરભાવ ઉત્પન્ન થયો. મનમાં વિચાર આવ્યો, ''પ્રોફેસર મુખર્જી એક મહાન લીડર છે. નિષ્ફળતા પોતાના માથે લઈ લીધી હતી અને સફળતા વખતે ટીમને આગળ કરી.''




સ્ટેજ પર આવી, માઈક હાથમાં લઈ અનુરાગ બોલ્યો, '' આ સફળતાના ખરા અધિકારી પ્રોફેસર મુખર્જી છે. એમના પોઝિટિવ દૃષ્ટિકોણના કારણે જ આ મિશન સફળ રહ્યું. ગયા વર્ષે મિશન ફેઈલ ગયું ત્યારે અમારી એક પણ ભૂલ કાઢ્યા વગર, એમણે ફક્ત અમને કામ સુધારવા માટે પ્રોત્સાહન અને હિંમત આપવાનું ચાલુ જ રાખ્યું આના કારણે ટીમમાં પણ સૌ કોઈ એકબીજા પર આક્ષેપ મૂક્યા વગર મિશનને સફળ બનાવવાના કામમાં લાગી ગયા. પ્રોફેસર મુખર્જીના હિસાબે જ આપણે આજે આ દિવસ જોઈ રહ્યા છીએ.''


**" આ સાંભળી આખો કોન્ફરન્સ હોલ તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠ્યો. "**



# અમારું એક વાંકું, આપના અઢારે વાંકા





હું પણ તમને મદદ કરું છું. મને પણ સાથે લઈ જાઓ ને.
તરાપો બનાવતા.
એય બગલા, તારી વાંકી ડોકની જેમતારી નજર પણ વાંકી જ છે. સીધું બાંધતા નથી આવડતું ? મને કરવા દે.
બગલાને દુઃખ થયું, પણ એ કશું બોલ્યો નહીં. તરાપો બની ગયો એટલે બગલો, સસલો, શિયાળ અને ઊંટ તરાપા પર બેસી નદીની પેલે પાર જવા નીકળી પડ્યા.
હલેસા મારતાં મારતાં,
મેં સાંભળ્યું છે કે એ જંગલમાં ભાતભાતના ફળ-ફૂલ છે. પોપટ કહેતો હતો કે ત્યાં રસદાર ખજૂર છે.
ખજૂર ? એટલે શું ?
લે, આટલી નથી ખબર ? તું તો મૂર્ખાઓનો સરદાર જ છે. તારી આ અડધી જિંદગી નકામી ગઈ.



ત્યાં તો તરાપામાં કંઈક કડડડડડડ અવાજ આવ્યો,
ઊંટભાઈ, તમે તો ભારે હોંશિયાર છો. બધુંય શીખીને બેઠા છો. તરતા તો શીખ્યા જ હશોને ?
ના, કેમ ?
તો તો તમારી આખી જિંદગી નકામી ગઈ. કારણ કે આપણો તરાપો ડૂબી રહ્યો છે. અમે તો તરીને પેલે પાર જતા રહીશું. તમે શું કરશો ?
આખો વખત અમારા સૌની ભૂલો કાઢો છો : પોપટની ચાંચ વાંકી, કૂતરાની પૂંછ વાંકી, મારી ડોક વાંકી..
અરે, અમારું તો એક વાંકું, આપના તો અઢારે અંગ વાંકા છે !
તરાપો તૂટી પડ્યો. કિનારો સાવ નજીક હતો. પણ ઊંટને તો બિલકુલ તરતા નહોતું આવડતું. ડૂબતા ઊંટને સમજાયું કે બીજાની ભૂલ કાઢ્યા કરવી એ ભયંકર ભૂલ છે.બગલો, શિયાળ અને સસલો જંગલમાંથી એક મોટી ડાળી શોધી લાવ્યા. ડાળી નદીમાં ફેંકી, ઊંટને કિનારા પર ખેંચીને બચાવી લીધો. એ દિવસથી જ્યારે ઊંટ કોઈની ભૂલકાઢતો ત્યારે એને એમલાગતું કે પોતે ડૂબી રહ્યો છે અને તરત જ માફી માંગી પાછો વળી જતો.

# ચાલો


**૧** ૧ થી ૧૯ ને એવી રીતે ગોઠવો કે એક લીટીમાં આવતા ૩ ગોળમાં રહેલા અંકોનો સરવાળો ૩૦ થાય.




**૨** નીચે આપેલા ચિત્રમાં કેટલાં આઈસ્ક્રીમ છે તે શોધો.



**૩** દરેક લાઈનમાં, ત્રીજી આકૃતિ પહેલી બે આકૃતિના આધારે આપેલી છે. તો ત્રીજી લાઈનમાં પ્રશ્ન ચિન્હની જગ્યાએ કઈ આકૃતિ આવે.



## ૪ નીચે આપેલા ચિત્રમાંથી ૬ તફાવત શોધો.



# રમીએ....

## ૫ નીચેના ચિત્રોમાંથી અસામાન્ય વસ્તુઓ શોધો.







# ઐતિહાસિક ગૌરવગાથાઓ

ચંપા નામે નગરીમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતા હતા. એમની રાણીનું નામ ધારિણી અને પુત્રનું નામ અદીનશત્રુ હતું. તેઓ વીતરાગ ધર્મના પરમ આરાધક હતા. એમના પ્રધાનનું નામ સુબુદ્ધિ હતું. ચંપા નગરીની બહાર પૂર્ણભદ્ર યક્ષનું દેરું અને સુંદર ઉદ્યાન હતા. નગરીની ફરતે ખાઈ હતી. એ ખાઈના ઈશાન ખૂણામાં થોડું પાણી હતું, જે અનિષ્ટ વસ્તુઓથી ગંધાતું હતું.

એક વખત જિતશત્રુ રાજા, બીજા રાજાઓ સાથે સ્વાદિષ્ટ જમણ જમી, મુખવાસ ચાવતા ચાવતા ભોજનના ખૂબ વખાણ કરતા હતા. સુબુદ્ધિ પ્રધાન સિવાય બીજા સર્વેએ રાજાના વખાણને અનુમોદન આપ્યું. સુબુદ્ધિ તરફથી જ્યારે અનુમોદન ન મળ્યું, ત્યારે એમને એકાંત મૌન રહેલા જોઈને રાજાએ સુબુદ્ધિને સંબોધીને ફરી જમણ વગેરેના ખૂબ વખાણ કર્યા અને એમનો અભિપ્રાય પૂછ્યો.

સુબુદ્ધિ પ્રધાને વિનયપૂર્વક કહ્યું, "મહારાજા ! એમાં વખાણવા જેવું કાંઈ હોય એમ હું માનતો નથી. પુદ્‌ગલ (જડ વસ્તુ)નો સ્વભાવ છે કે સારું હોય તે થોડા કાળમાં ખરાબ રૂપમાં પરિણમે અને ખરાબ પુદ્‌ગલો સારા રૂપમાં પરિણમે, એમ પરિવર્તન થયા જ કરે છે. એટલે આવાં ખોરાકના પદાર્થમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ?" આ વાત રાજાને ન રૂચી પણ વાદ ન કરવાના હેતુથી રાજાએ તે વાત પડતી મૂકી.

એક વખત રાજા, સુબુદ્ધિ પ્રધાન અને ઘણાં માણસોના પરિવાર સહિત ગામ બહાર ઈશાનકોણ તરફ ગયા. ત્યાં ખાઈમાં ગંધાતા પાણીની દુર્ગંધથી આવતા કંટાળાની વાત કરવા લાગ્યા. સુબુદ્ધિ પ્રધાન સિવાય સર્વેએ રાજાની વાતને અનુમોદના આપી, પણ સુબુદ્ધિ પ્રધાન કંઈ ન બોલ્યા. પહેલાની જેમ રાજાએ ફરી પૂછવાથી પ્રધાને કહ્યું, "સારાનું ખરાબ અને ખરાબનું સારું થવું એ પુદ્‌ગલનો સ્વભાવ છે, એમાં વખાણવું શું કે નિંદવું શું ?" એ વાત પણ રાજાને ન રૂચી. એટલે પ્રધાને રાજાને પોતાની વાતનો પ્રત્યક્ષ અનુભવ કરાવવાનો નિશ્ચય કર્યો.

એક રાતના સમયે પ્રધાને પોતાના ખાસ વિશ્વાસુ નોકરો પાસે કુંભારને ત્યાંથી માટીના નવા મોટા માટલા મંગાવ્યા અને તેમાં ખાઈનું ગંધાતું પાણી ભર્યું. એ પાણીમાં રાખ નાખીને

માટલાના મોઢાં બંધ કરી રાખી મૂક્યા. એવી રીતે સાત દિવસ સુધી સાત વાર વિધિ કરી જેથી પાણી મીઠું રોચક અને હળવું તથા શરીરને ગુણકારી એવું થયું.

એક દિવસ પ્રધાને પોતાના વિશ્વાસુ માણસો સાથે તે શુદ્ધ કરેલું પાણી જમણ વખતે રાજાને પીવા માટે મોકલ્યું. પાણી રાજાને ખૂબ મીઠું લાગ્યું. એમણે પાણી લાવનારને આવું મીઠું પાણી ક્યાંથી લાવ્યો તે પૂછ્યું. જવાબમાં વિશ્વાસુ નોકરે સુબુદ્ધિ પ્રધાને તે મોકલ્યું હોવાનું કહ્યું. રાજાએ પ્રધાનને બોલાવીને કહ્યું, ''હે પ્રધાન ! તમને મારા પ્રત્યે કયા કારણે અભાવ છે કે આવું મીઠું પાણી તમે હંમેશા પીઓ છો, જ્યારે મને કોઈ દિવસ મોકલતા નથી ? આ પાણી ક્યાંથી મંગાવો છો ?''

પ્રધાને કહ્યું, ''મહારાજ ! આ ખાઈનું ગંધાતું હતું તે જ પાણી છે.'' રાજાએ એ વાત ન માની.

પ્રધાને કહ્યું, ''જો આપના માનવામાં ન આવે તો આપ પણ એ પ્રમાણે કરીને ખાત્રી કરી શકો છો.'' રાજાએ ખાત્રી કરવા માટે પોતે પણ એ પ્રયોગ કરી જોયો. સુબુદ્ધિ પ્રધાનની વાત ખરી નીકળી.

રાજાએ કહ્યું, '' પ્રધાન, તમારી વાત સાચી છે. સારામાંથી ખરાબ થવું અને ખરાબમાંથી સારું થવું એ પુદ્‌ગલનો સ્વભાવ જ છે અને એ પણ કુદરતી છે. માટે કોઈને વખાણવા જેવું નથી કે કોઈ પર અણગમો કરવા જેવોય નથી.''

જોયું મિત્રો, આપણે પણ આ સમજીએ તો આપણને પણ ક્યાંય ચોંટ ન રહે.



"સારાનું ખરાબ અને ખરાબનું સારું થવું એ જડનો સ્વભાવ છે, એમાં વખાણવું શું કે નિંદવું શું ?"

# તમારી જાતને ચકાસી જુઓ !

જાનકી, આદિ, નતાશા અને સાહિલ મળીને "દુનિયાના મહત્વકાંક્ષી નેતાઓ" પર પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન બનાવી રહ્યા હતા.

પ્રેઝન્ટેશન બનાવતી વખતે બધાને અંદરોઅંદર જે ચર્ચા થઈ, તેનું વર્ણન નીચે ટેબલમાં આપેલું છે.

જે વ્યક્તિનો સંવાદ તમને યોગ્ય ના લાગે એ વ્યક્તિને 'રેડ સિગ્નલ' ધરો. કઈ સમજણના આધારે એ 'રેડ સિગ્નલ' ધર્યું એ લખો. જો તમે એની જગ્યાએ હોત તો શું કર્યું હોત ?

જે ચર્ચા યોગ્ય લાગે એ વ્યક્તિને ગ્રીન સિગ્નલ ધરો. કઈ સમજણના આધારે તમે ગ્રીન સિગ્નલ ધર્યું એ લખો. તમે એની જગ્યાએ હોત તો શું કર્યું હોત ?

તમારા જવાબ ટેબલમાં લખો.

**આ અંકમાં મેળવેલી સમજણના અમુક મુદ્દાઓ નીચે રજૂ કર્યા છે. યોગ્ય નંબર શોધી ટેબલમાં લખો.**

૧. જે ભૂલો સામાને ખબર પડતી હોય એવી ભૂલો ક્યારેય ના કઢાય.
૨. ભૂલ સ્વીકારવાથી મોટા મનના બનાય.
૩. આપણે ભૂલ કાઢીએ ને સામો ઉપકાર માનતો હોય, તો જ ભૂલો કઢાય.
૪. ભૂલ કાઢીએ એટલે સામાને દુઃખ થાય જ, એનું અપમાન કર્યા બરાબર છે એ તો.

### સીન-૧

નતાશા : આપણે પાવરપોઈન્ટ સ્લાઈડનો બેકગ્રાઉન્ડ કલર ગ્રીન રાખીશું.
જાનકી : ગ્રીન ?!! તારી ચોઈસ કેવી ગંદી છે ! સ્લાઈડમાં ગ્રીન કલર કેવો ગંદો લાગે !

### સીન-૨

સાહિલે થોડા સુંદર વાક્યો શોધી રાખ્યા હતા. આદિએ એ વાક્યો સ્લાઈડમાં ટાઈપ કર્યા. અચાનક કોમ્પ્યુટર બંધ થઈ ગયું.
સાહિલે : આદિ, તે સેવ કર્યું હતું ને ?
આદિ : ના, ભૂલ થઈ ગઈ. આઈ એમ સોરી. હું સેવ કરવાનો જ હતો, ત્યાં તો....
સાહિલ : ઓહ નો !... આદિ તું કેટલો બેજવાબદાર છે !.... આટલી નથી ખબર કે વારંવાર સેવ કરતાં રહેવું જોઈએ ? હવે હું ટાઈપ કરીશ.

### સીન-૩

સાહિલ ફોન્ટ સાઈઝ વધારવાની કોશિશ કરી રહ્યો હતો, પણ એનાથી એ થઈ નહોતું રહ્યું.
આદિ : સાહિલ, મને ખ્યાલ છે ફોન્ટ સાઈઝ કેવી રીતે વધારાય, બતાવું ?
સાહિલે : હા, બતાવને. મારી શું મિસ્ટેક થઈ રહી છે ? આદિએ સાહિલને એની ભૂલ દેખાડી અને સાચી રીત શીખવી.

**જવાબ :**
સીન ૧ - જાનકી ( રેડ, સમજણ નં. ૪)
સીન ૨ - આદિ ( ગ્રીન, સમજણ નં. ૨) સાહિલ ( રેડ, સમજણ નં. ૧, ૪)
સીન ૩ - આદિ ( ગ્રીન સમજણ નં. ૩ )

# મીઠી યાદેં




નીરુમાને એવું બહુ હોય કે આપણાથી જે સીનિઅર (મોટા) હોય એમનો વિનય સાચવવાનો. એમની ભૂલ હોય તોય એમનો વિનય સાચવવાનો.

એક દિવસ નીરુમા, એક સીનિઅર બ્રહ્મચારી ભાઈ અને એક બ્રહ્મચારી બહેન બેઠા હતા. સહેજાસહેજ વાતો ચાલતી હતી. વાતવાતમાં બહેન બોલ્યા, "આ ભાઈની હાજરીમાં તો હું આવું કરું જ નહીં. નહીં તો એ મને ટોક્યા વગર રહે જ નહીં. એ જાય પછી જ કરું."

ત્યારે તો નીરુમા કંઈ ન બોલ્યા. ઊલટું એમણે પણ એ ભાઈની થોડી મસ્તી કરી. બંનેને હસાવ્યા અને વાત પૂરી કરી.

બીજા દિવસે નીરુમા એકલા હતા ત્યારે એમણે એ બહેનને બોલાવ્યા અને સમજાવતા કહ્યું, "આ ભાઈએ તને કેટલી બધી રીતે મદદ કરી છે." એમ કરીને પહેલાનાં બધાં પ્રસંગો યાદ દેવડાવ્યા અને કહ્યું, "જેના આટલા બધા ઉપકાર હોય, એનો એક દોષ જોવાય જ કેમ ? આ વિનય ચૂક્યો કહેવાય."

પેલી બહેનને એની ભૂલ સમજાઈ. નીરુમાએ એને આગળ સમજાવતા કહ્યું, "આપણી બુદ્ધિ કેટલી સંકુચિત છે કે આપણને આપણું જ દેખાય. આપણામાંથી થોડુંક પણ ઓછું થયું કે તરત સામા પર તૂટી પડીએ. પછી જુએ નહીં કે સામે કોણ છે ! આવી બુદ્ધિ જ્ઞાનમાં પ્રગતિ કરવા ના દે."

નીરુમાએ એટલુ પ્રેમથી એ બહેનને સમજાવ્યું કે પેલી બહેન તો ગળગળી જ થઈ ગઈ. એ દિવસથી એને કાયમ ધ્યાનમાં રહેતું કે જેના ઉપકાર હોય, એના દોષ તો ના જ જોવાય.

જોયું મિત્રો, જ્ઞાનીઓ કેવા પ્રેમથી બધાને વાળતા !



# બાળકો સાથે પૂજયશ્રી

પ્રશ્નકર્તા : મારે મારા ફ્રેન્ડ સાથે નાની નાની વાત પર ઝઘડા થઈ જાય છે અને અંદર ક્રોધ થઈ જાય છે તો ત્યારે મારે શું કરવું ?

દિપકભાઈ : પ્રતિક્રમણ કરવાનું. અને આ નાની બાબતને નાની જ રાખવાની. મોટી શું કામ થવા દઈએ ? આપણે કહેવાનું 'કશો વાંધો નહી. તું મારા પર ગુસ્સે થયો પણ વાંધો નહી. આપણે બન્ને મિત્ર જ છીએ'. ક્રોધને સાચવવાનો કે મિત્રને સાચવવાનો ? શું કરીશ ? ક્રોધને કહેવાનું કે તું જા બાપ! મારે મિત્ર તોડવા નથી. અને નાની બાબતમાં એડજસ્ટ થવાનું. દાદા ભગવાન શીખવાડે છે ને અથડામણ ટાળો, એડજસ્ટ એવરીવેર.

પ્રશ્નકર્તા : એવું રાખું તો છું પણ થોડી થોડી વારે થઈ જાય છે.


દિપકભાઈ : હા, રાત્રે બેસીને માફી માંગવાની કે હે દાદા ભગવાન, મારે મિત્રાચારી તોડવી નથી માંફી માંગું છું, અને મારાથી ક્રોધ થયો એની માફી માંગું છું. ધીમે ધીમે ઓછું થશે. અને આપણી ભૂલ જોજેને. એ તો થોડી રમત કરતો હોય તારી સાથે. એ થોડું પજવતો હોય ? મિત્રો તો રમે ને એકબીજા સાથે ? અને કંઈ બોલે તો તેથી કરીને આપણે અસર નહી થવા દેવી. આપણે સમજવાનું કે આપણો મિત્ર છે. મિત્ર સાથે મિત્રાચારી ક્યારે ટકે? આપણે એને ક્રોધથી દઝાડતા હોઈએ તો આપણી સાથે એ મિત્રાચારી રાખે ? એ તો કહે કે આ તો બહુ ગુસ્સા વાળો છે, છોડો એને અને શાંત હોય તેની સાથે મિત્રાચારી રાખે. પછી ઓછા ફ્રેન્ડ થઈ જાયને આપણા ? આવું ગુસ્સો કરીને દુઃખ આપો તો ફ્રેન્ડશીપ વધે કે પછી ઘટે ? તો તારે ફ્રેન્ડશીપ વધારવી છે કે ઘટાડવી છે ?

પ્રશ્નકર્તા : વધારવી છે.

દિપકભાઈ : હં, અને ટકાવો તો બહુ થઈ ગયું વધે નહી તો કંઈ નહી. એટલે આપણે સમજવાનું કે આ ક્રોધ આપણો દુશ્મન છે. અને કોઈને દુઃખ આપીને આપણી મિત્રાચારી ટકે નહી. એટલે નક્કી કરજે ને દસ મિનિટ રોજ યાદ કરવાનું કે મેં ક્રોધ કરીને ક્યા મિત્રને દુઃખ આપ્યું, દાદા ભગવાનની સાક્ષીએ માંફી માંગું છું અને ફરી આવી ભૂલ ના કરું એ માટે મને શક્તિ આપો. અને સવારે ઊઠીને નક્કી કરવાનું કે મારા મનથી, વાણીથી ને વર્તનથી કોઈને દુઃખ ના આપું. ક્રોધથી કોઈને દુઃખ ના આપું, હે દાદા ભગવાન મને શક્તિ આપો. નક્કી કરજે, ફરક પડશે.


# પઝલના જવાબો

૧)




૨) નવ

૩)



૪)



૫) ૧) ચટાઈ
૨) સાઈકલ
૩) આંખ
૪) ટૂથબ્રશ

પ્રશ્ન : શનિવારે તમે મૂર્ખ માણસને કેવી રીતે હસાવી શકો ?
જવાબ : બુધવારે જોક્સ કહીને.

શિક્ષક : જૂનામાં જૂનું પ્રાણી કયું છે ?
ટપ્પુ : ઝિબ્રા
શિક્ષક :કેવી રીતે ?
ટપ્પુ :કારણ કે એ 'બ્લેક એન્ડ વ્હાઈટ' છે.

## હા....હા...હી....હી....

એક ભૂલક્કડ રસ્તા વચ્ચે ઊભો રહી એનો લંચ બોક્સ ખોલીને જોતો હતો.
- કેમ ?
એ નક્કી કરવા કે હું ઓફિસ જઈ રહ્યો છું કે ઓફિસેથી પાછો આવી રહ્યો છું.

ડોક્ટર : તને ખબર છે સીગરેટ એ ધીમું ઝેર છે?
દર્દી : તો મારે ક્યાં જલદી મરવું છે.

Akram Express

November 2012
Year : 5, Issue : 3
Conti. Issue No.: 51

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month



# દાદાનો જન્મ દિવસ

## આયો આયો રે...
## આંનદ લાયો રે...
## દાદાનો જન્મ દિવસ...

બાળમિત્રો,

ભાવનગરમાં તા. ૨૩ થી ૨૭ નવેમ્બર,૨૦૧૨ દરમ્યાન પરમ પૂજ્ય દાદાશ્રીનો ૧૦૫મો જન્મજંયતિ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. જેમાં તમારા માટેનું ખાસ આકર્ષણ છે, તમારું મનગમતું ચિલ્ડ્રન પાર્ક. જેમાં છે, હેન્ડસ ઓન (જાતે કરો અને શીખો) , મલ્ટીમિડિયા શો અને પપેટ શો.

તો તમે બધા તમારા મમ્મી-પપ્પા સાથે આ ચિલ્ડ્રન પાર્ક જોવા ખાસ આવજો. જો જો, તમારા મિત્રોને સાથે લાવવાનું ભૂલતા નહીં હોં.

સ્થળ : જવાહર મેદાન, વાઘાવાડી રોડ, રિલાયન્સ મોલની સામે, ભાવનગર, ફોન નં : ૯૯૨૪૩૪૪૪૨૫

સમય: ૫ થી ૧૦

<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>

*આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત.* **AGIA4313 #** *અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત.* **AGIA4313 ##.**

*અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.*

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.